# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારમાં મોતીહારી ખાતે 7 હજાર 200 કરોડ રૂપિયાથી વધુની વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું.
2. પ્રધાનમંત્રી આજે પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુની યોજનાઓનું ઉદઘાટન કરશે
3. ભારતે TRFને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કરવાના અમેરિકાના નિર્ણયની પ્રશંસા કરી
4. ખરાબ હવામાનને કારણે સ્થગિત કરાયેલી શ્રી અમરનાથજી યાત્રા આજે ફરી શરૂ
5. આજે રાજસ્થાન અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

…………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો….**

# PM – BIHAR ODISHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના ચંપારણ જિલ્લાના મોતીહારી ખાતે 7,200 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું.

આ વિકાસ પ્રોજેક્ટ્સ રેલ, માર્ગ, ગ્રામીણ વિકાસ, મત્સ્યઉદ્યોગ, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી ક્ષેત્રો સાથે સંબંધિત છે. પ્રધાનમંત્રીએ ચાર નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી અને અનેક રેલ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા.

**(BYTE – PM BIHAR)**

શ્રી મોદીએ દરભંગામાં ટેકનોલોજી પાર્ક અને પટણામાં આ પાર્કના ઇન્ક્યુબેશન સેન્ટરની શરૂઆત કરાવી. તેમણે બિહારમાં મત્સ્યઉદ્યોગ અને જળચરઉદ્યોગ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.

શ્રી મોદીએ દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ બિહારમાં ૬૧ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને ૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી.

બિહારની મુલાકાત બાદ શ્રી મોદી પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આમાં તેલ અને ગેસ, વીજળી, રેલ અને રોડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. શ્રી મોદી દુર્ગાપુરમાં એક રેલી પણ કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ,...

**(BYTE - PM WEST BENGAL)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA - PAK TRF

ભારતે **TRF**ને વિદેશી આતંકવાદી સંગઠન અને વિશેષ વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના અમેરિકાના નિર્ણયની પ્રશંસા કરી છે.

પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે સાઠગાઠ ધરાવતુ **TRF,** પહેલગામમાં નાગરિકો પરના હુમલા સહિત અનેક આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યું છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આ નિર્ણય માટે અમેરિકાના વિદેશ વિભાગ અને વિદેશ સચિવ માર્કો રુબિયોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ નિર્ણય

ભારત-અમેરિકા આતંકવાદ વિરોધી સહયોગને ફરીથી પુષ્ટિ આપે છે. ભારતે આતંકવાદ સામેની લડાઈ અને આતંકવાદી માળખાને તોડી પાડવા માટે વૈશ્વિક સહયોગની જરૂરિયાત પર સતત ભાર મૂક્યો છે. **TRF** ને આતંકવાદી સંગઠન જાહેર કરવું એ સમયસર અને મહત્વપૂર્ણ પગલું છે જે આતંકવાદ વિરોધી બાબતોમાં ભારત અને અમેરિકા વચ્ચેના ઊંડા સહયોગને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WB-ELEPHANT DIED TRAIN COLLISION

પશ્ચિમ બંગાળના ઝારગ્રામ જિલ્લામાં બંસતલા રેલ્વે સ્ટેશન નજીક એકઝડપી ટ્રેનની ટક્કરથી એક હાથી અને તેના બે બાળ હાથી નું મૃત્યુ થયું હતું. આજે સવારે લગભગ 3 વાગ્યે દસ હાથીઓનું એક જૂથ રેલ્વે લાઇન ક્રોસ કરી રહ્યું હતું ત્યારે આ ઘટના બની. એવું કહેવાય છે કે જન શતાબ્દી એક્સપ્રેસ સાથે હાથીઓની ટક્કરને કારણે આ અકસ્માત થયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMARNATH-YATRA

અમરનાથ યાત્રા આજથી ફરી શરૂ થઈ છે. કાશ્મીર અને જમ્મુ પ્રદેશના મોટાભાગના ભાગોમાં ખરાબ હવામાનને કારણે ગઈકાલે યાત્રાને અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી હતી. હવામાનમાં સુધારાને ધ્યાનમાં રાખીને, આજે સવારે જમ્મુના ભગવતી નગર બેઝ-કેમ્પથી 17મી ટુકડીને રવાના થવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ટુકડીમાં નવ હજાર 500થી વધુ યાત્રાળુઓ અને 335 વાહનોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા 15 દિવસમાં અત્યાર સુધીમાં લગભગ બે લાખ 55 હજાર યાત્રાળુઓએ પવિત્ર ગુફા મંદિરની મુલાકાત લીધી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SIMBEX-2025

ભારતીય નૌકાદળ આ મહિનાના અંતમાં સિંગાપોરમાં 32મા સિંગાપોર-ભારત નૌકાદળ સંયુક્ત કવાયત-સિમ્બેક્ષમાં ભાગ લેશે. આ વાર્ષિક નૌકાદળ કવાયત અગાઉ લાયન કિંગ તરીકે જાણીતી હતી.સિંગાપોરમાં ભારતના હાઇ કમિશનર શિલ્પક અમ્બુલેએ તેને ભારત માટે અત્યાર સુધીની સૌથી લાંબી સતત નૌકાદળ કવાયત ગણાવી છે. તેમણે કહ્યું કે આ કવાયત ભારતના સમુદ્રી દ્રષ્ટિકોણ અને એક્ટ ઈસ્ટ નીતિને સમર્થન આપે છે, જે પ્રાદેશિક સહયોગ અને દરિયાઈ સુરક્ષા પર કેન્દ્રિત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PUNJAB-BSF-6 DRONES

પંજાબમાં, પાકિસ્તાન સ્થિત દાણચોરોએ છેલ્લા બે દિવસમાં ડ્રોન દ્વારા ભારતીય ક્ષેત્રમાં માદક દ્રવ્યોની દાણચોરી કરવાની પ્રવૃત્તિમાં વધારો કર્યો છે.અમારા જલંધર સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ છેલ્લા બે દિવસમાં અમૃતસર અને ફિરોઝપુર સેક્ટરમાં વિવિધ કામગીરીમાં 6 ડ્રોનને નિષ્ક્રિય કરીને અને 10 કિલોગ્રામથી વધુ હેરોઇન જપ્ત કર્યું છેIBSF દ્વારા અમૃતસર સરહદ પર સતત ડ્રોન ઘૂસણખોરીને અટકાવી અને ગઈકાલે રાત્રે અને આજે વહેલી સવારે પાકિસ્તાન તરફથી આવતા દરેક નાર્કો ડ્રોનને નિષ્ક્રિય કર્યા છે° અને 2 કિલોગ્રામથી વધુ હેરોઇન પણ જપ્ત કર્યું હતું.ફિરોઝપુર સરહદ પર, ગઈકાલે 8 કિલોગ્રામથી વધુ માદક દ્રવ્ય ધરાવતા 15 પેકેટ હેરોઇનનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BHADRADRI KOTHAGUDEM - GIS AWARD

તેલંગાણાના ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લાને જાહેર જીવનમાં ભૌગોલિક માહિતી પ્રણાલી-GIS ના કાર્યક્ષમ ઉપયોગ માટે પ્રતિષ્ઠિત ઓપન-સોર્સ GIS કોહોર્ટ એવોર્ડ મળ્યો છે.

**કલેક્ટર જીતેશ વી. પાટીલે ગઈકાલે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં આ એવોર્ડ મેળવ્યો હતો. ગોદાવરી નદીમાં પૂરની આગાહી, કૌશલ્ય વિકાસ અને વિવિધ વિભાગો પાસેથી પ્રાપ્ત ડેટાના એકીકરણ સહિત જાહેર સમસ્યાઓના ઉકેલમાં GIS ના ઉપયોગ માટે ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લાને આ એવોર્ડ આપવામાં આવ્યો છે. શ્રી પાટીલે જણાવ્યું હતું કે GIS ની મદદથી કપાસ અને મકાઈના સરગવાનો પાક ઉગાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે રાજસ્થાન અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ખૂબ જ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, પશ્ચિમ મધ્યપ્રદેશ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી પણ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TENNIS

ટેનિસમાં, અનિરુદ્ધ ચંદ્રશેખર અને રીસ સ્ટાલ્ડર મેક્સિકોમાં લોસ કાબોસ ઓપન ટેનિસના મેન્સ ડબલ્સની સેમિફાઇનલમાં પહોંચી ગયા છે. આ ઇન્ડો-અમેરિકન જોડીએ ઓસ્ટ્રેલિયાના બર્નાર્ડ ટોમિક અને મેક્સિકોના મેન્યુઅલ સાંચેઝની જોડીને સીધા સેટમાં હરાવી હતી.

અર્જુન કાઘે અને વિજય સુંદરની ભારતીય પુરુષોની જોડી પ્રશાંત આજે સ્વિટ્ઝર્લૅન્ડમાં **EFG** સ્વિસ ઓપન ગસ્ટાડની સેમિફાઇનલમાં ત્રીજા ક્રમાંકિત હેન્ડ્રિક જેબેન્સ અને અલ્બાનો ઓલિવેટ્ટી સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 6 વાગ્યે શરૂ થશે. ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં, ભારતીય જોડીએ બીજા ક્રમાંકિત જેકબ સ્નેટર અને જર્મનીના માર્ક વોલનરને સીધા સેટમાં હરાવ્યા હતા. બંને ટુર્નામેન્ટ **ATP 250** શ્રેણીનો ભાગ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHESS- ARJUN ERIGAISI

ચેસમાં, ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગેસી,ફ્રી સ્ટાઇલ ગ્રાન્ડ સ્લેમ ઇવેન્ટની સેમિફાઇનલમાં પહોંચનાર પ્રથમ ખેલાડી બન્યા છે.. **21**

વર્ષીય એરિગેસીએ અમેરિકાના લાસ વેગાસમાં ક્વાર્ટર ફાઇનલમાં ઉઝબેકિસ્તાનના અબ્દુસત્તોરોવ નોડિરબેકને હરાવ્યો હતો. બંને ખેલાડીઓ વચ્ચેની પહેલી ગેમ ડ્રો રહી હતી, બીજી ગેમમાં અર્જુને પ્રભુત્વ મેળવ્યું અને સંપૂર્ણ પોઈન્ટ મેળવ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PAK UZB AFGHAN-AGREEMENT

પાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને અફઘાનિસ્તાને એક મુખ્ય રેલ પ્રોજેક્ટ પર ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા, જેનો હેતુ ત્રણેય દેશોને જોડવાનો છે. કાબુલના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ કરાર અફઘાનિસ્તાનના જાહેર બાંધકામ મંત્રાલય, ઉઝબેકિસ્તાનના પરિવહન મંત્રાલય અને પાકિસ્તાનના રેલ મંત્રાલય વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનો હેતુ મધ્ય એશિયાઈ રાજ્યો માટે પાકિસ્તાની દરિયાઈ બંદરો સુધી પહોંચને સરળ બનાવવા માટે રેલ લિંક બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NETANYAHU - CHURCH ATTACK

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગાઝા શહેરમાં હોલી ફેમિલી ચર્ચ પર થયેલા ઘાતકી ઇઝરાયલી ટેન્ક હુમલા પર દુ:ખ વ્યક્ત કર્યું છે. આ હુમલામાં ત્રણ લોકો ના મોત અને અન્ય દસ ઘાયલ થયા હતા. ગાઝાના એકમાત્ર કેથોલિક પ્રાર્થના સ્થળને નિશાન બનાવતા આ હુમલાની આંતરરાષ્ટ્રીય સ્તરે આકરી ટીકા કરવામાં આવી છે.યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર ની વાતચીતમાં,પ્રધાનમંત્રી નેતન્યાહૂએ કહ્યું કે આ હુમલો આયોજિત નહોતો.પોપ લીઓ XIV એ આ મૃત્યુ પર દુ:ખ વ્યક્ત કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA - IRAQ FIRE INCIDENT

બુધવારે ઇરાકના અલ-કુટ શહેરમાં બનેલી ભયાનક આગની ઘટનામાં નિર્દોષ લોકોના જીવ ગયા અને ઘાયલ થયા છે તેના પર ભારતે દુઃખ વ્યક્ત કર્યું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ મુશ્કેલ સમયમાં, ભારતના લોકો ઇરાકના લોકો ની સાથે ઊભા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .